તા. ૩-૧-૨૦૧૧

# પ્રતિભાશાળી નૃત્યકાર ડો. નિપા ઠક્કરને ગૌરવ પુરસ્કાર

## ભાવનગરના વધુ એક કલાકારને મળેલું રાજ્યસ્તરીય બહુમાન

ભાવનગર. કલા-સાંસ્કૃતિક નગરી તરીકે સુખ્યાત ભાવનગરમાં કલા સાધના કરતા પ્રતિભાશાળી કેટલાક કલાકારોને ગુજરાત રાજ્યનો ગૌરવ પુરસ્કાર એનાયત થયા છે અને હવે આ યાદીમાં નૃત્યાંગના કોરીયોગ્રાફર ડોકટર નિપા ઠક્કરનું નામ ઉમેરાયું છે.

ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં થયેલા સ્વદેશાગમનથી પણ પહેલા દેશમાં હરિજન સેવા અને ભીલ સેવા આરંભનારા પૂર્વ પેઢીના નિ:સ્વાર્થ સેવા સાધક, ભાવનગરના જ પૂજ્ય ઠક્કર બાપા (અમૃતલાલ ઠક્કર) તથા તેમના વડિલ બંધુ સનાતન ધર્મ હાઈસ્કૂલના પ્રથમ આચાર્ય સ્વ. પરમાનંદ ઠક્કરના સંસ્કારોની ત્રીજી પેઢીના સીધા વારસ છે. ડો. નિપા ઠક્કર વ્યવસાયે ડોકટર છે. નિપાના પિતાશ્રી સિદ્ધાર્થ ઠક્કર એક સૂરિલા ગાયક છે અને ૭૦ વર્ષે પણ સુરીલી સાંજના પ્રથમથી જ એક નિયમિત ગાયક છે.

ડો. નિપાની કથ્થક નૃત્યની તાલીમ ૭ વર્ષની ઉંમરથી ગુરૂજી ધરમશીભાઈ શાહ પાસે શરૂ થઈ ત્યારથી તે નૃત્ય સાથે હંમેશા જોડાયેલા રહ્યા છે. વિશારદ, નૃત્ય વિશારદ અને અલંકારની પરિક્ષાઓ પ્રથમ વર્ગમાં પસાર કર્યા બાદ તેઓ ભાવનગરમાં ગુજરાતમાં, ભારતમાં તથા વિદેશમાં પણ કાર્યક્રમો કર્યા છે.

---

# કલા નગરી ભાવનગરમાં કલાનો વૈભવ વર્તમાન પેઢી માણી રહી છે : શાસ્ત્રીય નૃત્ય કળામાં પારંગત ઠક્કર કુટુંબની દિકરી ડો. નીપા ઠક્કરની વાત

સંગીત પરીક્ષામાં શ્રુજલ વઢેરાની સિધ્ધી, તબલા વાદન ક્ષેત્રે સિધ્ધી હાંસલ કરતો જયેશ અંધારીયા, ચિત્રકલા ક્ષેત્રે વિરતી શાહની સિધ્ધી. ભાવનગરના સ્થાનિક અખબારોમાં આ પ્રકારના સમાચારો પ્રસિધ્ધ થતાં રહે છે. કલા, સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા ભાવનગરમાં રાજવી કાળથી સ્થાપિત કલા વૈભવ, વર્તમાન પેઢી પણ માણી રહી છે. આ કલા વારસાની જાળવણી માટે એક ઠક્કર કુટુંબની વિગત અનુસાર બંસરી અને વાયોલીન વાદક ભાવનગરના સ્વ. અનંતરાય ઠક્કર (શાહબાઝ) એક અચ્છા લેખક, કવિ અને ગઝલકાર હતા. તેનો 'પાલવ કિનારી' ગઝલ સંગ્રહ યાદગાર છે. માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલમાં એ જમાનામાં શિક્ષક તરીકે નૃત્ય નાટીકા, ગીતોની તર્જ તૈયાર કરનાર સ્વ. અનંતરાયે કલા સંસ્કારના સિંચન કરેલા.

ઠક્કર કુટુંબમાં કલાના આ સિંચન ઘરથી જ થયા હોય એમ તેમના પુત્ર સિધ્ધાર્થભાઈ ઠક્કર સંગીતજ્ઞ તરીકે નામના ધરાવે છે. ભાવનગરમાં થિયોસોફિકલ લોજ (હોલ) ખાતે દર માસે સંગીત રસીકોના યોજાતા 'સુરીલી સાંજ' કાર્યક્રમની શરૂઆત કરનાર ૬૬ વર્ષના સિધ્ધાર્થભાઈ આ કાર્યક્રમના નિયમિત ગાયક છે. તેમના ભાઈ સહદેવભાઈ પણ સંગીત, સાહિત્ય અને ઉર્દુ સાહિત્યના ઉંડા અભ્યાસુ છે.



*કથ્થક નૃત્ય કળામાં નૃત્ય અલંકારની પદવી પ્રાપ્ત કરનાર ભાવનગરની ડો. નીપા ઠક્કરે નૃત્ય કળા ક્ષેત્રે આગવી સિધ્ધી હાંસલ કરી કલાનગરી ભાવનગરના કલા વૈભવને ઉજાગર કર્યો છે.*

સિધ્ધાર્થભાઈની દિકરી ડો. નીપા ઠક્કરે આ કલા વારસાને ઉજાગર કરી કથ્થક નૃત્ય કળામાં નૃત્ય અલંકારની પદવી પ્રાપ્ત કરી છે. બાલ મંદિરથી નૃત્યના કાર્યક્રમ રજુ કરનાર નીપાએ ૧૧ વર્ષની ઉંમરે સુશ્રી મુરલીબેન મેઘાણી પાસે શાસ્ત્રીય કથ્થક નૃત્યની વિધિસર પ્રાથમિક તાલીમ અને કલા ક્ષેત્ર સંસ્થાના કલાગુરૂ ધરમશીભાઈ શાહ પાસેથી ઉચ્ચ તાલીમ પ્રાપ્ત કરી નૃત્ય કલા સાથે શૈક્ષણીક કારકિર્દીના ઘડતરમાં ધ્યાન આપી નીપાએ આયુર્વેદ ડોકટરની પદવી પણ પ્રાપ્ત કરી છે.

નીપા કહે છે, 'નૃત્ય કળા અદ્ભૂત અનુભૂતિ છે. ફકત શાસ્ત્રીય નૃત્ય જ નહીં આપણા પ્રાચીન કલા-સંગીતના સંસ્કાર ઉજાગર કરતા ગરબા, લોકનૃત્ય પણ આનંદદાયક છે. ૧૩ વર્ષની ઉંમરે ગરબા હરીફાઈમાં નૃત્ય નિદર્શિત કૃતિને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. એ પ્રસંગ કલા ક્ષેત્રે ઉત્સાહ પ્રેરક હતો.'

નૃત્ય અને સંગીતમાં દિન પ્રતિદિન વિશેષ રૂચિ કેળવી શાસ્ત્રીય નૃત્ય સાથે લોક નૃત્યમાં પારંગત થવા સુશ્રી મુરલીબેન મેઘાણીના 'વેણુનાદ' ગ્રુપમાં જોડાઈ સુરત, અમદાવાદ, રાજકોટ, નડીયાદ, વડોદરા ખાતે લોકનૃત્યના કાર્યક્રમો રજુ કર્યા. ડો. નીપા ઠક્કરને ૧૯૮૬માં અખીલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ દ્વારા નૃત્ય વિશારદની, ૮૭માં મંડળ દ્વારા શિક્ષા વિશારદની અને ૯૧માં નૃત્ય અલંકાર (માસ્ટર ડીગ્રી) એનાયત કરાઈ છે.

નૃત્ય કલા ક્ષેત્રે આગવી સિધ્ધી હાંસલ કરનાર ડો. નીપા ઠક્કરે ગત વર્ષે ભાવનગર ખાતે યોજાયેલ ગૌરવ દિને પ્રસંગે નૃત્ય નિદર્શનની સેવા આપી મીરાબાઈનું અને તરાના નૃત્ય રજુ કર્યું હતું. થિયોસોફિકલમાં ૫૦માં 'સુરીલી સાંજના' કાર્યક્રમમાં સ્તુતિ, તીનતાલ, તરાના, વસંત જેવી શાસ્ત્રીય નૃત્ય શૈલીની પ્રસ્તુતિ પ્રશંસનીય હતી. મુંબઈ ખાતે ભાવનગરની કલા ગુર્જરી સંસ્થા દ્વારા 'સાજન બેઠુ માંડવે' નૃત્ય નાટીકા ભજવાઈ હતી. જેમાં નૃત્ય નિદર્શનનો પ્રયોગ જે ગુજરાતનો પ્રથમ પ્રયોગ હતો. નીપાએ શાસ્ત્રીય નૃત્ય સાથે અર્વાચીન ગરબા, રાજસ્થાની, પંજાબી, બંગાળી લોકનૃત્યનું અને એકટીવ કલા સંસ્થામાં અર્વાચીન ગરબાનું નૃત્ય નિદર્શન કર્યું છે જે કૃતિઓ અનેક હરીફાઈમાં પ્રથમ સ્થાને રહી છે.

ભાવનગરની સુવિખ્યાત 'કલા ક્ષેત્ર' સંસ્થામાં નૃત્ય શિક્ષિકા તરીકે છેલ્લા બાર વર્ષથી ભાવિ પેઢીને તાલીમ આપવા સાથે અનેક સ્ટેજ કાર્યક્રમો રજુ કરનાર નીપાની થીમમાં ગુરૂજીની પ્રેરણાથી જ કૃષ્ણ આરાધના, વિશ્વ શાંતિ નૃત્ય નાટીકા ઉચ્ચકોટીની બની રહી હતી. નૃત્ય કલાના યાદગાર કાર્યક્રમો વર્ણવતા નીપા કહે છે, ૧૯૯૮માં રાજય યુવક મહોત્સવમાં ભાવનગર, જુનાગઢ ખાતે પ્રથમ, બાદ રાજય કક્ષાની હરીફાઈમાં પ્રથમ ત્યારબાદ ચેન્નાઈ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્તીનું હંમેશા ગૌરવ રહેશે. ઉપરાંત રાજય સરકાર આયોજીત 'કલ કે કલાકાર' નૃત્ય સ્કીમ જે પાલનપુર ખાતે યોજાયેલ તેમાં નૃત્ય પ્રદર્શનની અને સાપુતારા ખાતેના કાર્યક્રમમાં શ્રેષ્ઠ દેખાવની તક પણ યાદગાર બની રહી. શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયમાં વર્ષ ૨૦૦૨-૦૪-૦૬માં અનુક્રમે નવદુર્ગા, શિવતાંડવ અને રાજસ્થાની નૃત્ય પરના નિદર્શનની કૃતિઓ શ્રેષ્ઠ બની રહી હતી. નૃત્ય સાથે સંગીત પ્રત્યે લગાવ ધરાવતી નીપા ભાવનગરના નામાંકિત સંગીતજ્ઞ રસીકભાઈ અંધારીયાની સુપુત્રી શિલ્પાબેન અંધારીયા પાસે અને હાલ ડો. શ્રીમતિ ગોપા ચક્રવર્તી પાસે સંગીતની તાલીમ મેળવી રહી છે. નીપા કહે છે, મારી કારકિર્દીના ઘડતરમાં કલા ગુરૂ શ્રી ધરમશીભાઈ શાહ, ઉદ્યોગપતિ શ્રી નિશીથભાઈ મહેતા, સંતોષભાઈ કામદાર, ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા નાયબ માહિતી નિયામક યજ્ઞેશભાઈ આચાર્યનો ઉત્સાહ પ્રેરક સહકાર પ્રાપ્ત થયો છે. કલા નગરી ભાવનગરમાં કથ્થક નૃત્યમાં પારંગત ડો. નીપા ઠક્કર 'અમીતિયે' ગ્રુપના સહયોગથી મે માસમાં ફ્રાંસમાં નૃત્ય પ્રસ્તુતિ માટે જઈ રહયા છે.

**લેખન : લખધીરસિંહ જાડેજા**
**માહિતી અધિકારી - પાલીતાણા**